# રૂપાલમાં શાંતિનાથ જૈન દેરાસરમાં ૭.૧૭ લાખની ચોરી

## ભગવાનના સોના ચાંદીના ઘરેણાં અને ચાંદીની મૂર્તિઓની ચોરી

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે આવેલા સાંતિનાથ જૈન શ્વેતાંબર દેરાસરમાંથી મંગળવારે બપોરના સમયે પંદર કીલો ચાંદીની મૂર્તિઓ સહીત ભગવાનના સોનાના ઘરેણાં મળી ૭.૧૭ લાખની તસ્કરો ચોરી કરી લઈ જતા બુધવારે ગાંભોઈ પોલીસ મથકે દેરાસરના પુજારીએ ફરિયાદ નોંધાવી હતી.

હિંમતનગરના રૂપાલ ગામમાં આવેલુ શાંતિનાથ જૈન શ્વેતાંબર દેરાસર આવેલું છે જેમાં શાંતિનાથ ભગવાન, પાશ્વનાથ ભગવાન, વિમલનાથ ભગવાન, વાસુ પૂજ્ય ભગવાન અને આદેશ્વર ભગવાન બિરાજમાન છે જ્યાં દરરોજ સવારે પૂજા-આરતી અને સાંજે આરતી થાય છે ત્યારે મંગળવારના રોજ સાંજે ૬.૩૦ વાગે દેરાસરમાં રાબેતા મુજબ આરતી કરવા આવેલ હરેશભાઈ જોશીએ દેરાસરનો દરવાજાનું તાળુ ખોલ્યું હતું પરંતુ દરવાજો ખુલતો ન હતો જેથી હરેશભાઈએ ગામના આગેવાન જશવંતલાલ શાહ, ચંદ્રકાંત શાહ, ચોકીદાર રમેશચંદ્ર માલાજી મકવાણા, કનુભાઈ નાથાભાઈ પ્રજાપતિને બોલાવી અને દેરાસરના બીજા દરવાજાને ચાવીથી ખોલી અંદર પ્રવેશ કરતા દેરાસરના મુખ્ય દરવાજાને અંદરથી બંધ કરી દીધો હતો. ઉપરાંત શાંતિનાથ ભગવાનના મંદિરના દરવાજાનો નકુચો તાળા સાથે તોડી નાખ્યો હતો જ્યારે દરવાજા પાસે લોખંડની પાઈપ, લોખંડનું ખાતરીયુ પડ્યું હતું અને મંદિરના ગર્ભગૃહમાં ભગવાનની પ્રતિમા આગળ ડીસમીસ પડ્યું હતું. જેના વડે તસ્કરોએ ભગવાનની પ્રતિમા ઉપર સોનાના શણગારેલ ટીકાઓ કાઢી લીધા હતા ઉપરાંત તમામ સોના-ચાંદીના ઘરેણાં અને મૂર્તિઓ મળીને પંદર કીલો પાંચસો ગ્રામ ચાંદી અને ૧૬૫ ગ્રામ સોનાના ઘરેણાંની તસ્કરોએ ચોરી કરીને લઈ ગયા હતા. આ અંગે ગાંભોઈ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે આવી ડોગ સ્કોડ અને એફએસએલની મદદથી વધુ તપાસ હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે આજ દેરાસરમાં અગાઉ ત્રણ વખત ચોરી થઈ ગયેલ છે પરંતુ પોલીસે આજ સુધી કોઈને પણ પકડી શકી નથી.

# ધાનેરામાં લોનના બહાને કરોડોની ઠગાઈ કરનાર જેલ હવાલે

ડીસા, તા. ૧૧

બનાસકાંઠા નાં ધાનેરા માં બોજો પાડયા વગર ૩ લાખની લોન આપવાની સ્કીમ મૂકી લોકોને વિશ્વાસમાં લઈ છેતરપીંડી કરી ફરાર થયેલો આરોપી આશરે છ માસ બાદ અમદાવાદ થી ઝડપાયો છે

ધાનેરમાં મધુસુદન શોપિંગ સેન્ટરમાં સાબરકાંઠાના શખ્સે ફાઈનાન્સની ઓફિસ ખોલી લોન માટેની લોભામણી સ્કીમ મૂકી લોકોને વિશ્વાસમાં લઈ ૩ લાખની લોન સામે -ત્યેક વ્યકિત પાસેથી ૧૭૦૦૦ લઈ તેની સામે ૩ લાખનો ચેક આપી ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયો હતો.

ધાનેરામાં થોડા સમયથી લોકોને ડાયરીઓ કરીને વ્યાજે રૂપિયા આપવાની હિંમતનગર તરફના સિતલકુમાર -ભુશંકર મહેતાએ શરૂઆત કરી હતી અને લોકોને ડાયરી ઉપર ધિરાણ આપતો હતો.પરંતુ તેને ધાનેરામાં પરિસ્થિતી જોઈને બે ચાર સ્થાનિક લોકોને એજન્ટો બનાવીને લોકોમાં ૩ લાખની વગર બોજો પાડયે લોન કરી આપવાની વાત વહેતી મૂકતાં કેટલાય લોકો આ શખ્સ પાસે લોન



કરાવવા માટે આવવા લાગ્યા હતા.અને તે લોકો પાસેથી લોન પેટે ડોક્યૂમેન્ટમાં ૧૦ ચેક, ૧૦ ફોટા, લાઈટબીલ, વેરા પાવતી લઈને ૩ લાખની લોન કરી આપવાની વાતોથી અને ૭૦૦૦ ડોક્યૂમેન્ટ ચાર્જ જેથી લોન કરી આપતો હતો. જે વ્યકિતએ ૧૭૦૦૦ જમા કરાયા હતા તેમને ૩ લાખના ચેક પણ આપ્યા હતા. પરંતુ જે ચેક આપ્યા હતા તે ચેકની તારીખ ૯મી જાન્યુઆરી પછીની હોવાથી ૯મી જાન્યુઆરીએ કેટલાક લોકોએ એક બેંકમાં નાંખતા પરત થતાં લોકોને શંકા ગઈ હતી. જેથી તેની ઓફિસે તપાસ કરતાં તે ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળતાં ઓફિસ ખાતે ભોગ બનનારા ૫૦૦ થી વધુ લોકો એકઠા થતા હતા.અને આ ઘટનાની જાણ પોલીસને થતાં ધાનેરા પોલીસ પણ ઘટના સ્થળે આવી પહોંચી હતી.જયારે બીજી તરફ જે એજન્ટો હતા તેમના ઘરે પણ લોકોના ટોળા એકત્ર થયા હતા.અને ભારે હોબાળા બાદ આ આર્થીક છેતરપીંડીના ગુનાની એફ.આઈ.આર. ઠગ એવા શીતલ -ભુ શંકર મહેતા વિરુદ્ધ નોધાઈ હતી આ આરોપી છ માસ થી પોલીસ પકડ થી નાસ્તો ફરતો હતો જોકે અમદાવાદ પોલીસે ઝડપી તેને ધાનેરા પોલીસ ના હવાલે કરતા તેની હાલ પોલીસે ધનિષ્ઠ પૂછ પરછ હાથ ધરી છે.

# તલોદ પોલીસના બે કર્મીઓની લાંચ માંગવાના ગુનામાં ધરપકડ : પોલીસ બેડામાં સન્નાટો

## બન્ને કર્મીઓને લાંચ ડિમાન્ડ કેસમાં હિંમતનગરની સબજેલમાં ધકેલાઈ દેવાયા

તલોદ પી.એસ.આઈ. શ્રીમતિ એન.જી. ગોહિલના ખાસ રાઈટર અને સમગ્ર વહિવટકર્તા વિઠ્ઠલભાઈ રામાભાઈ દેસાઈ તથા આસીસ્ટન્ટ વિમલ પટેલ સામે ત્રણ મહિના અગાઉ નોંધાયેલી લાંચ ડીમાન્ડ કેસની ફરીયાદ પછી એસીબીની ટીમે બંન્ને માસ્ટર માઈન્ટ કર્મીઓની અટકાયત કરી હિંમતનગરની સબજેલમાં ધકેલી દિધા હતા. ડીમાન્ડ કેસમાં અટકાયત થયાનો પોલીસમાં પ્રથમ બનાવ નોંધાયાનું જાણવા મળ્યું છે જેથી સમગ્ર તલોદ પોલીસમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

તલોદ નજીક ભેંસો ભરેલી આયશર ટ્રક પોલીસે ઝડપી લીધા પછી પી.એસ.આઈ.ના રાઈટર વિઠ્ઠલભાઈ રામાભાઈ દેસાઈએ પશુપાલક રિયાઝ અહેમદ રફીક અહેમદ મલેક પાસે આયસર ટ્રક તથા વેગનકાર છોડાવવા માટે રૂ. ૧૫,૦૦૦ ની માંગ કરતા અરજદારે એ.સી.બી. માં ફરીયાદ કરી હતી. જે સંદર્ભ લાંચિયા માસ્ટર માઈન્ડ પોલીસ કર્મીને ઝડપી લેવા માટે છટકુ ગોઠવવામાં આવ્યું હતું પરંતુ તે ઝડપાયો ન હતો પરંતુ પંચની હાજરીમાં માગણી કર્યાનું વોઈસ રેકોર્ડીંગમાં રેકોર્ડ થઈ જતાં તલોદ પોલીસ સ્ટેશનમાં બંન્ને લાંચિયા પોલીસ કર્મીઓ વિરૂદ્ધ લાંચ ડીમાન્ડ કર્મીની ફરીયાદ દાખલ કરવામાં આવી હતી. બનાવના ત્રણ મહિના પછી ગાંધીનગરના એસીબી એસ.કે. રહેવરે બન્ને પોલીસ કર્મીઓની ધરપકડ કર્યા પછી હિંમતનગરની સબ જેલમાં મોકલી આપ્યા હતા. તલોદ પી.એસ.આઈ.એ પોલીસ આબરૂ બચાવવાં, અંગત રાઈટરને છુટકારો અપાવવા અનેક પ્રયાસો તથા સમજાવટો કરવા છતાં અડગ ફરીયાદી સમક્ષ નિષ્ફળતા મળી હતી.

# ભોપાનગરમાં રોકડ અને દાગીના સાથે ઠાકોર યુવક સાત દિવસથી લાપતા


## યુવકના પિતાની ગૃહ વિભાગમાં રજુઆત

ડીસા, તા. ૧૧

ડીસા શહેરના ભોપાનગર વિસ્તારમાં રહેતો યુવક પરિવારજનોને સાથે ઉંઘતા મુકી ઘરમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ સાથે ગુમ થઈ જતાં ઠાકોર પરિવારમાં ચિંતાનુ મોજુ છવાયુ છે.

બીજી તરફ પોલીસે આ પરિવારમાં ચિંતાનું મોજુ છવાયુ છે. બીજી તરફ પોલીસે આ પરિવારની અરજીને ધ્યાને નહીં લેતા ગૃહવિભાગમાં રજુઆત કરી ન્યાય માટે અરજ ગુજારી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ડીસા ભોપાનગર વિસ્તારમાં રહેતા અને દળવાની ઘંટી ચલાવી જીવન નિર્વાહ ચલાવતા બચુજી શંકરજી ઠાકોરનો મોટો પુત્ર દિનેશ ઠાકોર તા. ૪-૬-૨૦૧૪થી ગુમ છે. દિનેશ ઘરમાં પડેલ પતરાની પેટી જેમાં ૧ કિગ્રા ચાંદી, સોનાની ચેન નંગ-૩, બે જોડ બુટી નંગ -૪, હાથનું સોનાનુ કડુ, ચાંદીની ઝાંઝરી, કપડા અને રૂ. ૭૦,૦૦૦ રોકડ સહિત મુદામાલ



હતો તે પેટીને પણ લઈ ગયો છે. દિનેશ ગુમ થતા સગા સંબધીઓને પુછપરછ અને શોધખોળ કરવા છતાં તેનો કોઈ પત્તો નહીં લાગતા ડીસા શહેર દક્ષિણ પોલીસ મથકમાં અરજી આપી છે. પરંતુ પોલીસ આ બાબતે ગુમસુદા રજીસ્ટરમાં નોંધ પણ કરી નથી અને આ બાબતે કોઈ તપાસ નહી કરતાં બચુજી ઠાકોર જિલ્લા પોલીસ વડા ડી.આઈ.જી. ભુજ રેન્જ પોલીસ મહાનિર્દેષક અને રાજયના ગુહ વિભાગને રજુઆત કરી છે. બીજી તરફ યુવકના ગુમ થયાની ઘટનાને લઈ ભોપાનગમાં વિવિધ ચર્ચાનો દોર શરુ થયો છે.

# ઝુમસર ગામની યુવતીને લગ્ન કરવાના બદઈરાદે અપહરણ કરાતા ચકચાર

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ઝુમસર ગામની યુવતીને લગ્ન કરવાના બદઈરાદે અપહરણ કરાતા ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ચંદુલાલના જણાવ્યા મુજબ ઝુમસર ગામના રહેવાસી રમેશભાઈ જેઠાભાઈ ચેનવાની ૧૬ વર્ષની પુત્રી રેખાબેન ચેનવાને લલચાવી ફોસલાવી લાલચ આપી લગ્ન કરવાના બદઈરાદાપુર્વક ઝુમસર ગામના ચંદ્રેશભાઈ પશાભાઈ ચેનવા અને પશાભાઈ નાથાભાઈ ચેનવાએ લગ્ન કરવાના બદઈરાદાપુર્વક યુવતીનું અપહરણ કરતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકાના ઝુમસર ગામના રહેવાસી યુવતીના પિતા રમેશભાઈ જેઠાભાઈ ચેનવાએ ઝુમસર ગામના બે ઈસમો વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે બે ઈસમો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારા-ધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા સી.પી.આઈ. એસ. જે. મોદી આ અપહરણના બનાવ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

# અમીરગઢ ચેકપોસ્ટ પર એસીબી દરોડો : ૭ આરોપી સહિત ૬.૭૩ લાખ મુદ્દામાલ જપ્ત

ડીસા, તા. ૧૧

બનાસકાંઠાનાં સરહદી ચેકપોસ્ટો માં મલાઈદાર ચેકપોસ્ટ તરીકે ખ્યાતનામ બનેલી અમીરગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર મોડી રાત્રે ગાંધીનગર ખાતેની એસીબી ટીમો એ રનીગ ટ્રેપ કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં સાત આરોપી ૬.૭૩ લાખ ની બેહિસાબી રકમ સાથે ઝડપાતા સનસનાટી ફેલાઈ છે

ગેટ વે ઓફ કરપ્શન નાં નામથી ઓલખાતી ગુજરાત રાજય ની મલાઈદાર ચેકપોસ્ટો માં ની એક અમીરગઢ આર,ટી,ઓ.ચેકપોસ્ટ છે, અહી નિત્ય હજારો ની સંખ્યા માં પરનંતીય વાહનો ની અવાર-જવર છે જેનો સરકાર માન્ય નિયત ટેક્ષ અહી વસુલાય છે.જોકે મોટર વિકલ એક્ટ અને અહી વસુલાતા ટેક્ષનાં નિયમો માં કડકાઈનાં નામે અહી રીતસર વાહનચાલકો ની લુંટ થાય છે, કાયદાનો અહી કદડા માટે ઉપયોગ થતા અને ખુદ આર.ટી.ઓ. ચેકપોસ્ટ અધિકારી અને તેમના મુકેલા ફોલ્ડરીયા ની મિલી ભગતે લુંટ ચલાવતા વાહન ચાલકો પરેશાન થઈ ઉઠ્યા હતા. જેમાં આ ભષ્ટાચાર મામલે ડીસા નાં અરજદારે આ ભસ્તાચાર ની રજે-રજ માહિતી આધાર પુરાવા સાથે ની એક અરજી રાજય લાંચ રુસ્વત કર્મિર ને કરી હતી, અને કેવી રીતે અહી કામ કરતી કોન્ટ્રાક બેજની જી.આઈ.ટી. એલ. કંપનીનાં કોમ્પ્યુટર ડેટા ઑ-ટર વાહન ચાલકો ના ખિસ્સા ખંખેરે છે તેની વિગતો જાહેર કરી હતી. જે અરજી અને તે બાદ ની અનેકો ફરિયાદ થતા ગાંધીનગર એ.સી.બી. અધિકારી આશિષ ભાટિયાની સીધી સુચના એ ગાંધીનગર એ,સી,બી, પી.આઈ. સી. કે. પટેલ અને એ.સી.બી. પી.આઈ. હિંમતનગર જી. આર. વાઘેલા અને ટીમે ગત મોદી રાત્રે અમીરગઢ આર,ટી,ઑ.ચેકપોસ્ટ પર દરોડો પાડ્યો હતો, એસીબી દરોડા માં એક ટ્રક ની એન્ટ્રી માટે રૂપિયા ૧૦૦ ની માંગ કરી તે સ્વીકારી હતી, જેથી આ દરોડા દરમ્યાનની રેડમાં ફરજ પરનાં તમામ લાંચ લેતા રંગે હાથ ઝડપાયા હતા,જેમાં ફરજ પરનાં આર.ટી.ઓ. સી. જે. પટેલ તેમજ એચ.બી.ચોધરી, અન્ય કર્મચારી એવા એસ.એસ. રબારી (જી.આઈ.એસ. એફ.ગાર્ડ) કમલ એન. પટેલ, (ઓપરેટર) ઉત્કલ બી. પટેલ (ઓપરેટર) મેન્સી એમ, બાકુ (ખાનગી કર્મચારી ) તેમજ સત્યમ પરમાર (ઓપરેટર) સહીત સાત ઈસમોં અંડર કરપ્શન એક્ટૅચાર્જ તળે ઝડપાઈ ગયા હતા તો વળી વધુ તપાસ દરમ્યાન આ લોકોનાં કબ્જામાંથી બિન હિસાબી રૂપિયા ૬,૭૩,૫૬૫, ઝડપાયા હતા જેથી તમામ વિરુદ્ધ અંડર કરપ્શન એક્ટૅ હેઠળ કાર્યવાહી હાથ ધરાઈ છે અને તપાસ અર્થે ગાંધીનગર લઈ જવાય તેવી ધારણા છે આ વિષે પીડિત ટ્રક ચાલકે તેમની પાસે થી મન ફાવે તે રીતે રકમ વસુલાતી હોવાનું કબુલ્યું હતું, જોકે મામલો -કાશ માં આવતા અને લાંચિયા ૭ જેટલા કર્મચારી રનીગ ટ્રેપમાં ઝડપાતા જીલ્લા ભર માં ભારે ચકચાર ફેલાયો છે.

# જાયન્ટસ ગૃપ ઓફ મેઘરજનો શપથવિધી યોજાયો

ધનસુરા, તા.૧૧

જાયન્ટસ ઈન્ટરનેશનલ ગ્રુપ અરવલ્લી જિલ્લાના મોડાસા, જાયન્ટસ ગૃપ-૩-સીના દ્રુપદભાઈ જોષી, સમારંભના ઉદઘાટક પૂર્વ મંત્રી એ.પી.એમ.સી. ચેરમેન મેઘરજના જોષીએ જાયન્ટસ સભ્યોને શપથ લેવડાવ્યા હતા જયારે નવા વરાયેલા પ્રમુખ ડૉ. સંદિપ ઉપાધ્યાય,



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

માલપુર, બાયડ, ધનસુરા પછી મેઘરજમાં જાયન્ટ્સ ઈન્ટરનેશનલ ગૃપની રચના કરવામાં આવી. જેના હોદ્દેદારો અને સભ્યોનો શપથવિધી સમારોહ મેઘરજ ઘેલી માતાજીના મંદિરના સભા હોલમાં રાખવામાં આવ્યો હતો. જેના સમારંભના પ્રમુખ હીરાજી ઠામોર, જાયન્ટસ મંત્રી કનુભાઈ પ્રજાપતિ, ડૉ. બંસીભાઈ પટેલ, અહેમદભાઈ ચડ્ડી, સરપંચ મેઘરજ લક્ષ્મીબેન વણઝારાની રાહબરી હેઠળ યોજવામાં આવ્યો હતો. યુનિટ ડાયરેકટર ૩-સીના શપથવિધિ અધિકારી નિલેશભાઈ બિપિનભાઈ પંડયા, જીગરભાઈ તથા સૌ હોદ્દેદારોને જાયન્ટસ-૩-સીના પ્રમુખ દ્રુપદભાઈ જોષીએ શપથ લેવડાવ્યા હતા મેઘરજ જાયન્ટસ ગૃપની રચના માલપુર જાયન્ટસ પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ, નવનીતભાઈ પરીખ, સેવાભાવી જગદીશભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવી હતી. જાયન્ટસ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની કાઉન્સીલ મિટીંગ યોજાઈ હતી. જેમાં પ્રાંતિજ ગ્રુપના હોદ્દેદારો, બાયડ, માલપુર, મોડાસાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. જેમને જાયન્ટસ-૩-સીના પ્રમુખ દ્રુપદભાઈ જોષી અને કનુભાઈ પ્રજાપતિએ માર્ગદર્શન પુરું પાડયું હતું. આભારવિધિ જાયન્ટસ સૌરભ પંડયાએ કરી હતી.

# ડીસાના રેજીમેન્ટ વિસ્તારમાં વૃદ્ધનો આત્મહત્યાનો પ્રયાસ

ડીસા, તા. ૧૧

ડીસાના એક ૫૦ વર્ષીય વૃદ્ધ દ્વારા કોઈ અગમ્ય કારણોસર પોતાના શરીર પર કેરોસીન છાંટી આત્મહત્યા નો -યાસ કરતા તે



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

નખશીખ દાજી ગયા હતા. આ વૃદ્ધ ને તા બાદ ડીસા ની સરકારી હોસ્પિટલ અને તે બાદ વધુ સારવાર અર્થે નાજુક તબિયતે પાલનપુર ખસેડાયેલ છે.

બનાસકાંઠાના ડીસામાં આવેલા રેજીમેન્ટ વિસ્તાર માં આજે બપોરે એક બનાવમાં શ્રમજીવી એવા લાલાભાઈ મણીલાલ દેવીપુજક ઉમર વર્ષ-૫૦ વાળાં ઓએ આત્મહત્યા નો -યાસ કરતા ચકચાર મચેલ છે,આ ધટના ની વિગતો એવી છે કે શ્રમજીવી એવા લાલાભાઈ મણીલાલ દેવીપુજક ને પોતાની માતા ની તરફદારી કરતા પરિવારજનો સાથે કઈક સામાન્ય બોલાચાલી થઈ હતી,જેનું લાગી આવતા તેમને મોકો જોઈ પોતાના ધરમાં પુરાઈ શરીર પર કેરોસીન છાંટ્યું હતું, અને તે બાદ આ વૃદ્ધ ભડકે બળતા સ્થાનિક લોકો એ રાહત અને મદદ પહોચાડી તેને ધરમાં થી બહાર કાઢ્યો હતો, અને ૧૦૮ મારફતે ડીસા ની સરકારી હોસ્પિટલ માં ખસેડ્યો હતો.જોકે ફરજ પર નાં તબીબે તેને ગંભીર હાલતે વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડેલ છે ત્યારે જીવન અને મોત વચ્ચે જોલા ખાતા પોતાના પિતાના આ પગલાં વિષે પુત્ર કંઈજ ન જાણતો હોવાનું રટણ કરતો હતો,જોકે આ મામલે ડીસા ઉત્તર પોલીસ મથકે ધોરણસર ની તપાસ હાથ ધરેલ છે.

# આજથી તલોદમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાશે

## તલોદ તાલુકામાં શાળાના બાળકોને માર્કેટ યાર્ડ દફતર, પાટીપેન આપશે : આંગણવાડીના ૧૦૦૦ બાળકોને ટીફીન બોકસ અને બીસ્કીટ અપાશે

તલોદ, તા.૧૧

સમગ્ર ગુજરાતમાં આજથી શાળા પ્રવેશોત્સવ શરુ થઈ રહ્યો છે. તેમાં તલોદ તાલુકામાં ધોરણ-૧ના ૧૯૫૦ બાળકોને પ્રવેશ આપવામાં આવશે જયારે આંગણવાડીમાં ૧૦૪૭ બાળકોને પ્રવેશ આપવામાં આવનાર છે. તલોદ તાલુકામાં પ્રવેશ પાત્ર બાળકોને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, તલોદ તરફથી દફતર, પાટી, પેન, દેશી હિસાબ આપવામાં આવનાર છે. જયારે આંગણવાડીના ૧૦૪૭ બાળકોને લંચ બોકસ અને બિસ્કીટ પણ માર્કેટ યાર્ડ તરફથી આપવામાં આવનાર હોવાનું માર્કેટ યાર્ડ તલોદના ચેરમેન નરેન્દ્ર પટેલે જણાવ્યું છે.

તલોદ તાલુકાના જે બાળકોને પ્રવેશ આપવામાં આવનાર છે તે પાંચ રૂટમાં રાજયકક્ષાના અધિકારીઓ પ્રવેશ અપાવશે તલોદ તાલુકાના કુલ ૧૯૫૦ બાળકોમાં બક્ષીપંચના ૧૭૩૯, દલિત સમાજના ૯૫ અને આદિવાસી સમાજના ૧૧, સામાન્ય સમાજના ૧૦૫ બાળકોને પ્રવેશ આપવામાં આવશે.

તલોદ તાલુકામાં ધો-૧ના બાળકો સાથે જ આંગણવાડીના બાળકોને પ્રવેશ આપવામાં આવશે, તલોદ તાલુકામાં જુન ૧૨થી ૧૪ એમ ત્રણ તારીખોમાં શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ રંગેચંગે ઉજવાશે.

# ડીસામાં ગોપાલ સેના દ્વારા સરકારી ગોગાની રમેલ યોજાઈ

ડીસા શહેરના ટી.સી.ડી. ફાર્મ મેદાન ખાતે બિરાજમાન ગોગા મહારાજની સતત પાંચમા વર્ષે ગોપાળ સેના દ્વારા રમેલ (જાતર) ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં માનવ મેદની ઉમટી પડી હતી.

શ્રી ગોપાળસેના બનાસકાંઠા (ડીસા)ના સંયુક્ત ઉપક્રમે ટી.સી.ડી. ફાર્મ ખાતે બિરાજમાન શ્રી સરકારી ગોગા મહારાજની રમેલ (જાતર) તા. ૮ જુનને રવિવારે રાત્રે દેરાસણું ને સોમવારે વહેલી સવારે સૂર્યનારાયણ ભગવાનની સાક્ષીએ તેલફૂલ ચડાવવામાં આવ્યા હતા આ રમેલમાં ભુવાજી ચેહરાભાઈ દેસાઈ (ચાંગા), ભુવાજી નારણભાઈ દેસાઈ (ગમાનપુરા) ભુવાજી ગેસરભાઈ ખાખડી, રાણાભાઈ (આસેડા), નાગજીભાઈ (ગજનીપુર), ભોપાજી (સાંડીયા) સહિત નામી અનામી ભુવાજીઓ ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆતમાં નરસિંહભાઈ હાથીભાઈ દેસાઈ (બાઈવાડા) એ મહેમાનો અને સમાજના બંધુઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શ્રી ગોગા મહારાજની રમેલમાં ડીસામાં પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી, લાલજીભાઈ દેસાઈ (મીઠી ધારિયાળ) ડૉ. રાજુલબેન દેસાઈ, જીલ્લા પંચાયત સદસ્ય સંજયભાઈ દેસાઈ ઢીમા જીલ્લા પંચાયત સદસ્ય ઠાકરસીભાઈ દેસાઈ, ડીસા યુથ કોંગ્રેસ પ્રમુખ અમરતભાઈ દેસાઈ (બાઈવાડા) ગીરીશભાઈ (વરનોડા) સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ રમેલને સફળ બનાવવા માટે નરસિંહભાઈ (બાઈવાડા), રાજુભાઈ (મુડેઠા), વિક્રમભાઈ (આસેડા), કેતનભાઈ દેસાઈ અરજણભાઈ (ઢુવા) બાબુભાઈ ભોંકુ, અનીલભાઈ (લીબાળા), બાબુભાઈ મલ્ટી ચેનલ, હિતેશભાઈ (સામઢી), વિજયભાઈ (કાંસાભાઈ) વાહજીભાઈ (દામા) જીવાભાઈ (રાણપુર) નરસિંહભાઈ (વડાવળ) અરજણભાઈ ધાંધોળ, કુલાભાઈ (ઊંઝા) મોતીભાઈ (વજાપુર) સાગર દેસાઈ વિજય દેસાઈ વગેરે ગોપાળસોના કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન